ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો



**બોડેલી** : શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી ખાતે ધોરણ-10 પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પારુલ યુનિવર્સિટી, વાઘોડિયા દ્વારા કારકિર્દી માર્ગદર્શન (Career Counseling) કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, વિવિધ અભ્યાસક્રમો અને ભવિષ્યની કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. પારુલ યુનિવર્સિટીના નિષ્ણાત માર્ગદર્શકો મિતાલી પંચાલ અને નિકુંજ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ધોરણ-10 પછી ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક પ્રવાહો, વ્યાવસાયિક કોર્સ, રોજગારલક્ષી અભ્યાસક્રમો તથા કારકિર્દીની ઉજ્જવળ તકો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ પોતાના પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ધોરણ-10ના શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રથમ ત્રણ તેજસ્વી વિદ્યાર્થીઓને ટ્રોફી અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ખાણ ખનીજ વિભાગના સિનિયર ક્લાર્ક એ.બી. જાડેજાને ભાવભીની વિદાય



**બોડેલી** : છોટાઉદેપુર જિલ્લા ખાણ ખનીજ વિભાગમાં છેલ્લા છ વર્ષથી સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા એ.બી. જાડેજાની જાહેર સેવા અંતર્ગત બદલી થતાં તેમના માનમાં ભાવભર્યો વિદાય સમારોહ યોજાયો હતો. છોટાઉદેપુર જિલ્લા ખાણ ખનીજ વિભાગની કચેરી તથા એસોસિએશન દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં ખનીજ વિભાગના અધિકારીઓ, વિવિધ લીઝધારકો, સ્ટોક ધારકો તેમજ લીઝ એસોસિએશનના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. જાડેજા સાહેબે પોતાના કાર્યકાળ દરમિયાન નિષ્ઠાપૂર્વક અને પારદર્શક રીતે કામગીરી કરી હોવાનું ઉપસ્થિતોએ જણાવ્યું હતું. વિદાય સમારોહ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જાડેજા સાહેબ સાથેના પોતાના અનુભવો વહેંચ્યા હતા અને તેમના સકારાત્મક વલણ, સરળ સ્વભાવ તથા જવાબદાર કામગીરીની પ્રશંસા કરી હતી. લીઝધારકો અને સ્ટોક ધારકોએ જણાવ્યું હતું કે જાડેજા સાહેબે હંમેશા સૌને સહયોગી અભિગમથી માર્ગદર્શન આપ્યું હતું, જેના કારણે વિભાગ અને સંબંધિત લોકો વચ્ચે સારો સંવાદ જળવાઈ રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન લીઝ એસોસિએશન દ્વારા એ.બી. જાડેજાનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

### સંકલ્પ એજ્યુકેશન પ્રેરણા ગ્રુપ કવાંટ દ્વારા તેજસ્વી તારલાઓને સન્માનિત કરાયા



**કવાંટ** : આર્થિક સ્થિતિ સારી ન હોય અને ભણવા માં તેજસ્વી હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થી ઓની ઓળખ કરી જરૂરી આર્થિક રીતે મદદરૂપ થઇ આવા વિદ્યાર્થીઓને ગ્રુપ દ્વારા ભંડોળ એકત્રીત કરી તેવા જરુરીયાત મંદ વિદ્યાર્થીઓ માટે સરાહનીય કામગીરી કરતું સંકલ્પ એજ્યુકેશન પ્રેરણા ગ્રુપ છેલ્લા ચાર વર્ષથી કવાંટ સહિત છોટાઉદેપુર જિલ્લામાં સક્રીય રીતે કામ કરે છે, ગ્રુપ માં સામેલ એક હજાર થી વધુ સભ્યો એ માસિક અથવા સમયાંતરે ૧૦૦ રૂપિયા થી લઈને પોતાની વ્યક્તિગત ક્ષમતા મુજબ ફંડ જમા કરાવે છે ખાસ કરીને જન્મ દિવસ હોય કે લગ્ન વર્ષ ગાંઠ હોય કે પછી ઘર પરિવારમાં કોઈની પુણ્યતિથિ હોય તેવા સમયે પ્રસંગને યાદગાર બનાવી અન્ય રીતે નાણાંનો વ્યય કરવાનું ટાળી સંકલ્પ એજ્યુકેશન પ્રેરણા ગ્રુપ માટે નાનકડો સહયોગ કરી સમાજ ના આર્થિક સ્થિતિ સારી ન હોય પરંતુ ભણવા માં તેજસ્વી હોય તેવા પ્રતિભાશાળી વિદ્યાર્થી ઓ માટે કામ કરતા આ ગ્રુપ નાં માધ્યમ થી સમાજ માં આ નાનકડા બદલાવની દિશા તરફ કામગીરી સાથે જોડાઇ છે.

### હુસેપુર ગામે સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

**પાદરા** : પાદરા તાલુકાના હુસેપુર ગામ ખાતે સમસ્ત ગ્રામજનોના સહયોગથી સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ તા. 4 જૂન, 2026 ગુરુવારથી તા. 10 જૂન, 2026 બુધવાર સુધી દરરોજ બપોરે 3:00 થી 6:00 કલાક દરમિયાન યોજાશે. કથાના પ્રખર વક્તા પૂજ્ય શ્રી રમેશભાઈ શાસ્ત્રી (વડોદરા) પોતાની સંગીતમય અને ભાવસભર વાણી દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. આયોજકો દ્વારા તમામ ભાવિકોને પરિવાર સાથે કથાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કથાના પ્રારંભે તા. 4 જૂનના રોજ બપોરે 2:00 કલાકે હુસેપુર ગામમાંથી ભવ્ય પોથીયાત્રા નીકળશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાશે. કાર્યક્રમનું આયોજન શનિદેવ મંદિરની બાજુમાં આવેલા સ્થળે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા હુસેપુર સખી મંડળ, નવચેતન યુવક મંડળ તેમજ સમસ્ત હુસેપુર ગામના આગેવાનો અને ગ્રામજનો સહયોગ આપી રહ્યા છે.

### મૃત્યુ પામેલા વિદ્યાર્થીના પરિવારને વિદ્યા દીપ યોજના હેઠળ રૂ. 2 લાખની સહાય

**પાદરા** : પાદરા તાલુકાના હુસેપુર ગામ ખાતે સમસ્ત ગ્રામજનોના સહયોગથી સાત દિવસીય શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ તા. 4 જૂન, 2026 ગુરુવારથી તા. 10 જૂન, 2026 બુધવાર સુધી દરરોજ બપોરે 3:00 થી 6:00 કલાક દરમિયાન યોજાશે. કથાના પ્રખર વક્તા પૂજ્ય શ્રી રમેશભાઈ શાસ્ત્રી (વડોદરા) પોતાની સંગીતમય અને ભાવસભર વાણી દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. આયોજકો દ્વારા તમામ ભાવિકોને પરિવાર સાથે કથાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. કથાના પ્રારંભે તા. 4 જૂનના રોજ બપોરે 2:00 કલાકે હુસેપુર ગામમાંથી ભવ્ય પોથીયાત્રા નીકળશે, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો જોડાશે. કાર્યક્રમનું આયોજન શનિદેવ મંદિરની બાજુમાં આવેલા સ્થળે કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા હુસેપુર સખી મંડળ, નવચેતન યુવક મંડળ તેમજ સમસ્ત હુસેપુર ગામના આગેવાનો અને ગ્રામજનો સહયોગ આપી રહ્યા છે. આયોજકોએ ધાર્મિક વાતાવરણમાં યોજાનારી આ કથામાં વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા અનુરોધ કર્યો છે.

### પાદરા ખાતે શ્રી ગોવર્ધનધરણ પ્રભુ અને શ્રી મહાપ્રભુજીનો આમ્રોત્સવ યોજાશે

**પાદરા** : પાદરા શહેરના પવિત્ર ધાર્મિક કેન્દ્ર એવા શ્રી આચાર્ય મહાપ્રભુજી બેઠક ખાતે તા. ૦૬ જૂન ૨૦૨૬, શનિવારના રોજ શ્રી ગોવર્ધનધરણ પ્રભુ અને શ્રી મહાપ્રભુજીનો ભવ્ય આમ્રોત્સવ ઉજવવામાં આવશે. આમ્રોત્સવ નિમિત્તે બપોરે ૧૧:30 કલાકે રાજભોગ સમયે વિશેષ દર્શનનો લાભ વૈષ્ણવ ભક્તોને પ્રાપ્ત થશે. તેમજ સાંજે ૫:30 કલાકે શ્રી વિઠ્ઠલનાથજી મંદિર, પધરાઈ માતા ચોક, પાદરા ખાતે દિવ્ય મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે ષષ્ઠપીઠાધિશ્વર પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીની પવિત્ર ઉપસ્થિતિ રહેશે, જે સમગ્ર ઉત્સવનું વિશેષ આકર્ષણ બનશે. તેમની નિશ્રામાં યોજાનારા આ ધાર્મિક મહોત્સવમાં વૈષ્ણવ સમાજના મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# મોટી રાસલી આંગણામાં રમતી ૬ વર્ષની બાળકી પર દીપડાનો હુમલો

**પરિવારની** સતર્કતા: બૂમાબૂમ થતાં સ્વજનો દોડી આવ્યા, દીપડો ભાગ્યો

**ગ્રામજનોમાં** દહેશત: અગાઉ એક દીપડો પાંજરે પુરાયો હોવા છતાં અન્ય દીપડાનો આતંક

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.1

પાવીજેતપુર તાલુકાના મોટી રાસલી ગામે દીપડાએ 6 વર્ષની બાળકી પર હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે. સદનસીબે પરિવારજનોની સતર્કતાના કારણે બાળકીનો આબાદ બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ, બાળકી ઉનાળુ વેકેશન દરમિયાન તેના મામાના ઘરે આવી હતી. સાંજના સમયે તે ઘરનાં આંગણામાં રમતી હતી ત્યારે અચાનક દીપડો ત્યાં ધસી આવ્યો હતો અને બાળકી પર હુમલો કર્યો હતો. બાળકીની બૂમાબૂમ સાંભળીને પરિવારજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દીપડાને ભગાડી બાળકીનો બચાવ કર્યો હતો.

હુમલામાં ઈજાગ્રસ્ત બનેલી



બાળકીને તાત્કાલિક પાવીજેતપુર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં તેની સારવાર કરવામાં આવી હતી. તબીબોના જણાવ્યા મુજબ બાળકીનો સદનસીબે સામાન્ય ઈજાઓ સાથે બચાવ થયો છે.

ઉલ્લેખનીય છે કે થોડા દિવસો અગાઉ જ આ વિસ્તારમાં એક દીપડો પાંજરે પુરાયો હતો. તેમ છતાં આજે ફરી અન્ય એક દીપડો દેખાતા ગ્રામજનોમાં દહેશતનો માહોલ સર્જાયો છે. ગામલોકોએ વન વિભાગ સમક્ષ દીપડાના વધતા સંચાર પર નિયંત્રણ લાવવા અને વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની માંગ ઉઠાવી છે.

ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને દીપડાને પકડવા માટે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં સમગ્ર વિસ્તારમાં લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વાઘોડિયા ટાઉન માંથી વિદેશી દારૂ સાથે એક ઈસમ ઝડપાયો



વાઘોડિયા : વાઘોડિયા પોલીસને બાતમીના આધારે સર્વેલન્સ સ્ટાફે વાઘોડિયા ટાઉન, નવીનગરીમાં રહેતા અજય ઉર્ફે કાળીયો જશુભાઇ વસાવાના કબજાના મકાનમાં રેડ કરી હતી. રેડ દરમિયાન મકાનમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની પ્લાસ્ટિક અને કાચની નાની-મોટી બોટલો તથા બિયરના ટીન મળી કુલ 1,047 નંગ મુદ્દામાલ મળી આવ્યો હતો. જેની કિંમત આશરે 2,68,547 /- રૂપિયા દારૂનો જથ્થો ભરી આપનાર ઈસમ રેડ દરમિયાન હાજર ન મળતા તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

નશાની હાલતમાં સર્જાયો અકસ્માત

## શિનોરમાં ડસ્ટર કારમાંથી બિયર ટીન અને પત્તાં મળ્યાનો આક્ષેપ

(પ્રતિનિધિ) શિનોર, તા.1

શિનોર તાલુકાના સુરાસામળ અને દિવેર ગામ વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માત બાદ દારૂ અને જુગારના વધતા દુષણને લઈને ફરી એકવાર ચર્ચા જાગી છે. અકસ્માતમાં સંડોવાયેલી એક કારમાંથી બિયરના ટીન અને પત્તાં મળ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે, જેને પગલે સમગ્ર ઘટનાએ સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વલણ ગામ તરફના સાત યુવકો ડસ્ટર કાર (નંબર GJ-16-BG-0548) માં સુરાસામળથી દિવેર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન સુરાસામળના રહેવાસી લવકેશ



પટેલ પોતાની કાર (નંબર GJ-06-PG-8634) લઈને દિવેર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન આગળ ચાલી રહેલી ડસ્ટર કાર એકાએક બ્રેક મારતાં પાછળથી આવતી કાર તેની સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બંને વાહનોને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ, ડસ્ટર કારમાં સવાર યુવકો નશાની હાલતમાં હતા અને કારમાંથી કિંગફિશર સ્ટ્રોંગ બિયરના ટીન તેમજ 505 બ્રાન્ડના પત્તાં મળી આવ્યા હતા. જેના આધારે તેઓ આ વિસ્તારમાં જુગાર રમવા અને દારૂની મહેફિલ માટે આવ્યા હોવાની ચર્ચા સ્થાનિકોમાં ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને બંને વાહનોને શિનોર પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં બંને પક્ષો વચ્ચે સમાધાનના પ્રયાસો ચાલી રહ્યા છે.

સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ વિસ્તારમાં જુગારધામો અને દારૂના ગેરકાયદેસર વેપલામાં વધારો થયો છે.

બે ભાઈઓની ધરપકડ પોલીસે ધરપકડ કરી છે

## ડેસરના ગુટરડી ગામે ખેતરમાં તુવેરના પાકની આડમાં કરાયેલું ગાંજાનું વાવેતર ઝડપાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

વડોદરા ગ્રામ્ય એસ.ઓ.જી. (SOG) પોલીસની ટીમે સાવલી તાલુકાના ગુટરડી ગામે એક ખેતરમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે ઉગાડવામાં આવેલા લીલા ગાંજાના છોડનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ખેતરમાંથી લાખો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બે સગા ભાઈઓની ધરપકડ કરી છે.

મળતી વિગતો અનુસાર, એસ.ઓ.જી. પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે ગુટરડી ગામે રહેતા બે શખ્સો પોતાના કબ્જા-ભોગવટાના ખેતરમાં માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરીને તેનો ઉછેર કરી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે બે સરકારી પંચોને સાથે રાખીને ગુટરડી ગામના સીમ વિસ્તારમાં આવેલા ખેતરમાં દરોડો પાડ્યો હતો.

ખેતરમાં તપાસ કરતા તુવેરના વાવેતરની વચ્ચે છૂટા-છવાયા ઉગાડવામાં આવેલા નશાકારક લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. પોલીસે એફ.એસ.એલ. (FSL) અધિકારીને સ્થળ પર બોલાવી પ્રાથમિક ચકાસણી કરાવતા આ છોડ ગાંજાના જ હોવાનું સ્પષ્ટ થયું હતું. ખેતરમાંથી કુલ ૧૯.૮૦૦ કિલો લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા, જેની કુલ કિંમત રૂપિયા ૭,૯૦,૦૦૦/- (સાત લાખ નેવું હજાર) થાય છે.

પોલીસે ગેરકાયદેસર વાવેતર કરવા બદલ ખેતરના માલિક એવા બે સગા ભાઈઓ નરવંતભાઈ ભુલાભાઈ પરમારઅને લક્ષ્મણભાઈ ભુલાભાઈ પરમાર (રહે. ગુટરડી, તા. સાવલી) ની અટકાયત કરી છે. પોલીસે લાખો રૂપિયાના ગાંજાના છોડનો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ સામે ડેસર પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. (NDPS) એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જેનએક્સએઆઈ એનાલિટિક્સનો આઈપીઓ ૫ જૂને ખુલશે

વડોદરા: ટેક્નોલોજી આધારિત એન્ટરપ્રાઈઝ પર્ફોર્મન્સ અને વિશ્લેષણાત્મક ઉકેલો પૂરા પાડતી જેનએક્સએઆઈ એનાલિટિક્સ લિમિટેડ કંપનીno આઈપીઓ 5 જૂન, 2026ના રોજ ખુલશે. કંપની આ ઈશ્યુ મારફતે અપર પ્રાઈઝ બેન્ડ મુજબ આશરે 54.66 કરોડ એકત્ર કરવાની યોજના ધરાવે છે. આ ઈશ્યુ હેઠળ પ્રત્યેક 10ના અંકિત મૂલ્ય ધરાવતા 47.28 લાખ ઈક્વિટી શેર જાહેર કરવામાં આવશે. શેર દીઠ કિંમત 110થી 116 નક્કી કરવામાં આવી છે, જ્યારે એક લોટમાં 1,200 શેર રહેશે. આ ઈશ્યુ 9 જૂન, 2026ના રોજ બંધ થશે. કંપની દ્વારા પ્રાપ્ત થનારી રકમનો ઉપયોગ નવી પ્રોડક્ટ્સ અને ટેક્નોલોજી આધારિત ઉકેલોના વિકાસ, બાકી લેણાંની ચુકવણી.

ફાઝલપુરામાં વર્ષો પછી પણ રોડ, રસ્તા અને પાણીની સમસ્યા

## બોડેલીનું ફાઝલપુરા ગામ સુવિધાઓથી વંચિત: ગ્રામજનોનો વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) બોડેલી, તા.1

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના ફાઝલપુરા ગામના ગ્રામજનોએ ગામમાં મૂળભૂત સુવિધાઓના અભાવને લઈને પોતાની વ્યથા સોશિયલ મીડિયા મારફતે વ્યક્ત કરી છે. સરકાર અને તંત્ર સુધી પોતાની રજૂઆત પહોંચાડવા ગ્રામજનોએ એક વીડિયો બનાવી વાયરલ કર્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે વર્ષો સુધી મતદાન કરવા છતાં તેમના ગામ સુધી વિકાસ પહોંચ્યો નથી. આવાસ યોજના, રોડ-રસ્તા અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓના અભાવે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ફાઝલપુરા ગામના ગ્રામજનો



દ્વારા વાયરલ કરાયેલા વીડિયોમાં ગામની વિવિધ સમસ્યાઓ દર્શાવવામાં આવી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ વર્ષો વીતી ગયા છતાં અનેક પરિવારોને હજુ સુધી આવાસ યોજનાનો લાભ મળ્યો નથી. ઉપરાંત કોતર નજીક આવેલા ઘરોમાં વરસાદ દરમિયાન પાણી ભરાઈ જવાની ગંભીર સમસ્યા સર્જાય છે. ગામમાં રોડ-રસ્તાની અપૂરતી સુવિધા અને પીવાના પાણીની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે.

ગ્રામજનોએ વીડિયોના માધ્યમથી જિલ્લા અને તાલુકા કક્ષાના અધિકારીઓને ગામની મુલાકાત લઈ વાસ્તવિક સ્થિતિની તપાસ કરવા તેમજ સમસ્યાઓના તાત્કાલિક નિરાકરણ માટે માંગ કરી છે. વાયરલ વીડિયોના કારણે એક વખત ફરી ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસના દાવાઓ અને વાસ્તવિક સ્થિતિ વચ્ચેના અંતર અંગે ચર્ચા નૉ વિષય બનાવ્યો છે.

હવે ગ્રામજનોની માંગ છે કે જવાબદાર અધિકારીઓ સ્થળ પર પહોંચીને ગામની સમસ્યાઓનું નિરાકરણ લાવી અને ફાઝલપુરાના લોકોને પણ વિકાસની મુખ્ય ધારામાં જોડી રાહત અપાવે.

## કુરાઈ ગામના લોકો કાદવમાંથી પસાર થવા મજબૂર બન્યા

(પ્રતિનિધિ) કરજણ તા.31

કરજણ તાલુકાના કુરાઈ ગામમાં હાલ એક અનોખી અને કાદવભરી કથા ચાલી રહી છે, જે આર. એન્ડ. બી. (માર્ગ અને મકાન) વિભાગના અણઘડ વહીવટ અને બેદરકારીનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે. પાણીના નિકાલ માટે નાળું બનાવવાની પ્રક્રિયામાં વિભાગ દ્વારા અપનાવવામાં આવેલી અવ્યવહારુ પદ્ધતિએ ગ્રામજનોને ત્રાહિમામ પોકારી દીધા છે. સામાન્ય રીતે, જ્યારે કોઈ માર્ગ પર નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવે છે, ત્યારે વાહનવ્યવહારને અવરોધ ન પડે તે માટે વૈકલ્પિક ડાયવર્ઝન રસ્તો બનાવવામાં આવે છે. પરંતુ કુરાઈ ગામમાં આર. એન્ડ. બી. વિભાગે આ સામાન્ય નિયમનો પણ ભંગ કર્યો છે. પાણીના નિકાલ માટે



નાળું બનાવવાનું હતું, પરંતુ ડાયવર્ઝન રસ્તો બનાવતા પહેલા જ જૂનું નાળું ખોદી નાખવામાં આવ્યું. આ અણઘડ આયોજનનું પરિણામ એ આવ્યું કે, ગઈકાલે રાત્રે પડેલા વરસાદે પરિસ્થિતિને વધુ વિકટ બનાવી દીધી. જે કાચો ડાયવર્ઝન રસ્તો બનાવવામાં આવ્યો હતો, તે વરસાદના કારણે કાદવ-કીચડથી ભરાઈ ગયો. સવારે નોકરી-ધંધા અર્થે નીકળેલા ગ્રામજનોના વાહનો આ કાદવમાં ફસાઈ ગયા. સવારના ૬ વાગ્યાથી જ લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા હતા.

## ડભોઈના જાહેર રસ્તાઓ અને તળાવમાં પ્લાસ્ટિકના ઢગ

**નગરપાલિકામાં** નવી સત્તા સ્થપાયાને એક માસ થયો છતાં સફાઈ અભિયાન ઠપ્પ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.1

ડભોઈ નગર માં જાહેર કચરા પેટીઓ,તળાવ કિનારા અને માર્ગ ની સાઈડ પર ઠેરઠેર પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક ના કુડા કચરા ના ઢગ ખડકાયેલા નઝરે પડી રહ્યા છે. જેને ભૂખે ટળવળતી ગાયો ના ટોળા નિર્દોસ ભાવે આરોગી રહ્યા છે.ત્યાંતો 05 મી જૂન વિશ્વ પર્યાવરણ દિન ની ઉજવણી ના ડાકલા વાગી રહ્યા છે.

ડભોઈ નગર પાલિકા માં કોંગ્રેસ ની બહુમતી સાથે જીત થઈ અને સત્તારૂઢ થતા એક માસ નો સમય વીતી ગયો છે. પાલિકા



ના સુગમ અને સુદઢ વહીવટ માટે પ્રમુખ,ઉપપ્રમુખ ની વરણી પણ થઈ ગઈ છે. છતાં નગર પર્યાવરણ ની જાળવણી થી વંચિત છે. ત્યારે રાજ્ય સરકાર ધ્વારા પર્યાવરણ ની જાળવણી,સ્વચ્છતા અને વૃક્ષા રોપણ માટે કરોડો રૂપિયા ની ગ્રાન્ટ પણ જુદાજુદા વિભાગો ને ફાળવણી કરાતી હોય છે.હાલ માં ડભોઈ નગર ના ગામ તળાવ નો કિનારો પ્લાસ્ટિક ના કચરાથી ખદબદી રહ્યો છે. જાહેર કચરા પેટીઓ, માર્ગો ની સાઈડ, વરસાદી કાંસો પ્લાસ્ટિક ના કચરાના ઢગ થી ખડકાયેલા છે.જેમાં રખડતી અને ભૂખે ટળવળતી ગાયો ના ઝુંડ નિર્દોષ ભાવે વહીવટ કરતાઓ ની નિષ્કાળજી,સેવા વૃત્તિ ની અનિચ્છા અને વક્રદષ્ટિ ને કારણે જ ઝેર સમાન ખોરાક આરોગી રહી છે.જયા બીજીબાજુ પર્યાવરણ ને ભયંકર નુકશાન પણ થઈ રહ્યું છે. કહેવાય છે કે પર્યાવરણ ને થતા કુલ નુકશાન ના 70 ટકા નુકશાન પ્લાસ્ટિક ને કારણે જ થાય છે.નગર ની સ્વછતા, વૃક્ષો ની ગેરહાજરી પણ ઓછી જવાબદાર તો નથી જ.અને આ બધા પરિબળોની જવાબદારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની જ હોય છે.

કરજણ પોલીસે પીછો કરતા ચાલક ગાડી મૂકી ફરાર

## એક્સપ્રેસવે પર પીછો કરી ૨૫.૬૯ લાખનો મુદ્દામાલ પોલીસે ઝડપી પાડયો

(પ્રતિનિધિ) કરજણ, તા.1

ગ્રામ્ય પોલીસના "ઓપરેશન પરાક્રમ" હેઠળ કરજણ પોલીસની મોટી કાર્યવાહી, રૂ. 25.60 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત કરજણ પોલીસે દારૂના ગેરકાયદેસર કારોબાર સામે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. પેટ્રોલિંગ દરમિયાન એન.ઈ.-4 એક્સપ્રેસ હાઈવે પર પોલીસે એક શંકાસ્પદ મહિન્દ્રા પીકઅપ વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસની હાજરી જોઈ વાહનચાલકે પીકઅપ વાહન પૂરઝડપે દોડાવી ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો. કરજણ પોલીસે સતર્કતા દાખવી વાહનનો પીછો કર્યો હતો. પીછો દરમિયાન આરોપીએ પોતાનું વાહન હાઈવે પર ચાલુ હાલતમાં મૂકીને રોડની રેલિંગ કૂદી નાસી છૂટવાનો પ્રયાસ કર્યો હતો. જોકે અંધારાનો લાભ લઈ આરોપી ઝાડી-ઝાંખરામાં ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ પોલીસે સ્થળ પર વાહનની સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પીકઅપના ડાલામાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. કુલ 8,280 દારૂની બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ. 20.60 લાખથી વધુ હોવાનું જાણવા મળ્યું છે. દારૂની હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલ પીકઅપ વાહન સહિત કુલ રૂ. 25.60 લાખથી વધુનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો છે.

## બ્રામણવશી નવીનગરીમાં કરંટ લાગતાં યુવકનું મોત

પાદરા : પાદરા તાલુકાના બ્રામણવશી નવીનગરી ગામમાં કરંટ લાગવાની દુર્ઘટનામાં 23 વર્ષીય યુવકનું મોત નિપજતાં વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ બ્રામણવશી નવીનગરી ખાતે રહેતા જયદીપકુમાર ઈશ્વરભાઈ પરમાર (ઉ.વ. 23) તા. 31 મે, 2026ના રોજ સાંજે આશરે 6 વાગ્યે પોતાના ઘરે અડાળીના ભાગે ફોલ્ડરમાં ગોળો નાખવા માટે ગયા હતા. તે દરમિયાન અચાનક વીજ કરંટ લાગતા તેઓ નીચે પટકાયા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે મૃતકના પિતા ઈશ્વરભાઈ સોમાભાઈ પરમારે વડુ પોલીસને જાણ કરતા પોલીસે અકસ્માત મોતનો દાખલો નોંધ્યો છે. પોલીસે મૃતદેહનો કબજો લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.